# 44

**અમદાવાદ અને ખેડા શહેર/જિલ્લામાં નકલી ઘીનો જથ્થો પકડવા બાબત.**

***15/4/2590 શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર): માનનીય આરોગ્યમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ખેડા શહેર અને જિલ્લાવાર નકલી ઘીનો કેટલો જથ્થો કઇ ફેક્ટરી કે એજન્સી પાસેથી પકડી પાડવામાં આવ્યો, , | (૧) | ➢ અમદાવાદ જિલ્લાના માંડલ ખાતે મે.ચિરાગ ટ્રેડીંગ કંપની પાસેથી સને-૨૦૨૩ના રોજ "Amul Pure Ghee" ના નામે નકલી ઘીનો કુલ-૦૪ કિલોગ્રામ જથ્થો પકડવામાં આવેલ છે.<br>➢ અમદાવાદ શહેર, ખેડા શહેર અને જિલ્લામાં માહિતી શુન્ય છે. |
| (૨) ઉક્ત નકલી ઘીમાં અન્ય કયા પ્રકારનું ઘી કે અન્ય કઇ ચીજવસ્તુઓની ભેળસેળ કર્યાનું સામે આવેલ, | (૨) | ➢ Amul Pure Ghee ના નામે નકલી ઘી માં "વનસ્પતિ" ની હાજરી જોવા મળેલ છે.<br>➢ અમદાવાદ શહેર, ખેડા શહેર અને જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) નકલી ઘીનું વેચાણ અને ઉત્પાદન કરતાં ઉક્ત કયા એકમના કેટલા ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૩) | ➢ મે.ચિરાગ ટ્રેડીંગ કંપનીના નકલી ઘી નું વેચાણ કરતા કુલ-૦૧ ઇસમ વિરુધ્ધ એડજ્યુડીકેટીંગ કાર્યવાહી માટેની કાયદેસરની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.<br>➢ અમદાવાદ શહેર, ખેડા શહેર અને જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ નકલી ઘીનું ઉત્પાદન અને વેચાણ અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા? | (૪) | ➢ માર્કેટમાં ચાંપતી નજર રાખી સમયાંતરે પેઢીનું ઇન્સ્પેક્શન કરી ઘી ના નમુના લેવામાં આવે છે અને શંકાસ્પદ લાગતા ઘી નો જથ્થો સીઝ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.<br>➢ Food Safety on Wheels (FSW) Mobile Food Testing Van થકી ઘી ના ઉત્પાદન અને વેચાણ કરતા એકમોના સ્થળ પર જ ટેસ્ટીંગ કરવામાં આવે છે અને જાગૃતિ અંગેના કાર્યક્રમો તથા ઉત્પાદન/વેચાણ કરતા એકમોને તાલીમ આપવામાં આવે છે. |

---------------